# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 31-10-2024 Morning : 7.45 to 7.55

Day : Thursday National News

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસ સમારોહમાં ઉપસ્થિત - સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ આપી.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી 2 દિવસના ગુજરાતના પ્રવાસે.

3) અયોધ્યાના 55 ઘાટ પર 25 લાખથી વધુ દીવડા પ્રગટાવતા સાતમી વખત ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બન્યો.

4) દિવાળી અને છઠ તહેવારને ધ્યાનમાં રાખી મુસાફરોની સલામતી માટે ભારતીય રેલવે સંપૂર્ણ રીતે સજ્જ.

5) પૂર્વ સ્પેનમાં આવેલા પૂરના કારણે અત્યાર સુધીમાં 95 લોકોના મોત.

6) જર્મનીની હાઈલો ઑપન 2024 બેડમિન્ટન સ્પર્ધામાં ભારતના ખેલાડીઓ પુરુષ સિંગલ્સની પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# UNITY DAY

આજે રાષ્ટ્રીય એકતા દિવસ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. શ્રી મોદી ઉપસ્થિત લોકોને રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવવી ત્યારબાદ એકતા દિવસ પરેડ યોજાશે, જેમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, NCC, રાષ્ટ્રીય સુરક્ષા દળ, સરહદ દળ અને કેન્દ્રીય અનામત પોલીસ દળ જોડાશે. ભારતીય વાયુ સેના સૂર્ય કિરણ ફ્લાયપાસ્ટ રજૂ કરશે. આ સમારોહમાં શાળાના બાળકોનો પણ કાર્યક્રમ યોજાશે.

ઉલ્લેખનીય છે કે, સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુખ્ય ભૂમિકા ભજવનારા દેશના પહેલા નાયબ પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની આજે જન્મજયંતિ છે. દર વર્ષે 31મી ઑક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાય છે. રાષ્ટ્રીય એકતાના પ્રતિબદ્ધતા અને અસાધારણ નેતૃત્વ માટે વિખ્યાત એવા સરદાર પટેલને ભારતના લોખંડી પુરુષ તરીકે પણ યાદ કરાય છે.

..................................................................

# PM IN EKTA NAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે એકતા નગર ખાતે ૨૮૪ કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે તેમણે નવા આકર્ષણ કેન્દ્રોની સાથે પ્રવાસનના વિકાસને પ્રોત્સાહન આપતા વિવિધ પ્રકલ્પોની અનાવરણ કર્યું હતું.

પ્રધાનમંત્રીએ જે વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું તેમાં બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર, 22 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત શ્રી મોદીએ એકતા નગર ખાતે 10 સ્માર્ટ બસ સ્ટોપ અને 10 પિક-અપ સ્ટેન્ડ સહિતની સેવાઓના પ્રથમ તબક્કા ઉપરાંત, ૨૩ કરોડ ૨૬ લાખ રૂપિયાના ખર્ચે ૪ મેગાવોટ ક્ષમતાના સોલાર પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કર્યું.

..............................................................

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી 2 દિવસ ગુજરાતના પ્રવાસે હશે. શ્રી શાહ આજે સવારે બોટાદ જિલ્લાના સાળંગપુરમાં પ્રસિદ્ધ કષ્ટભંજન હનુમાનજી મંદિર પરિસરમાં શ્રીગોપાલનંદ સ્વામી યાત્રિક ભવનનું ઉદ્ઘાટન કરશે. અદ્યતન સુવિધાઓથી સજ્જ આ ભવનમાં અગિયાર સો કક્ષ છે. શ્રી શાહ આવતીકાલે અમદાવાદના પિરાણા વેસ્ટ ડમ્પિંગ સાઈટ ખાતે રાજ્યના સૌથી મોટા વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કરશે.

375 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા આ પ્લાન્ટમાંથી દરરોજ એક હજાર મેટ્રિક ટન કચરામાંથી 15 મેગાવૉટ ઊર્જા ઉત્પન્ન કરાશે.

..............................................................

# AYODHYA DIPOTSAV

ઉત્તરપ્રદેશ સરકારે ગઈકાલે દીપોત્સવ નિમિત્તે રામ કી પૈડી સહિત અયોધ્યાના 55 ઘાટ પર 25 લાખ 12 હજારથી વધુ દીવડા પ્રગટાવી સાતમો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. આ વર્ષે વધુ એક વિશ્વ વિક્રમ બન્યો છે, જેમાં એક હજાર 121 બટુકોએ સરયૂ ઘાટ પર એક સાથે મહાઆરતી કરી હતી. કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત અનેક કેબિનેટ મંત્રી અને મોટી સંખ્યામાં સંતો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી યોગીએ કહ્યું હતું કે, દીપોત્સવ માત્ર અયોધ્યા અને ઉત્તરપ્રદેશ જ નહીં, પરંતુ સમગ્ર દેશ અને વિશ્વ માટે વિશેષ આયોજન બની ગયું છે. તેમણે કહ્યું કે, રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા બાદ અયોધ્યામાં આ પહેલો દિપોત્સવ છે, જે આપણા માટે ગૌરવની ક્ષણ છે.

..............................................................

# DIWALIKARGIL

લદ્દાખમાં ભારતીય સેનાના ફોરએવર ઇન ઑપરેશન્સ ડિવિઝનના જવાનોએ ગઈકાલે એકતાના ભાવ સાથે કારગિલમાં દિવાળી ઉજવી હતી.

સમારોહમાં L.A.H.D.C. કારગિલના મુખ્ય કાર્યકારી કાઉન્સિલર ડૉ. મોહમ્મદ જાફર અખોને, કારગિલના અધિક નાયબ અધિક્ષક ગુલામ મોહિ-ઉદ-દીન-વાની, J.U.I.A.K. લદ્દાખના રાજકીય પ્રભારી સજ્જાદ કારગિલી, જિલ્લા અધિકારી, સેના અધિકારી અને મીડિયા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

ઉત્સવમાં પરંપરાગત રીતે દિવડા પ્રગટાવવામાં આવ્યા અને આતશબાજી પણ કરવામાં આવી. મીડિયા સાથે વાત કરતાં ડૉ. જાફરઅખોનેએ દેશવાસીઓને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી.

..............................................................

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

..............................................................

# RAILWAY SAFETY

દિવાળી અને છઠ તહેવારને ધ્યાનમાં રાખી મુસાફરોને તેમના ગંતવ્ય સ્થળ સુધી પહોંચાડવામાં મદદ કરવા માટે ભારતીય રેલવે સંપૂર્ણ રીતે તૈયાર છે. તહેવારોની ભીડને જોતા ભારતીય રેલવે સલામત મુસાફરી સુનિશ્ચિત કરવા અને કોઈ અનિચ્છનીય ઘટનાથી બચવા માટે તમામ પ્રયાસ કરી રહી છે. રેલવે સલામતી દળ– R.P.F.એ લાખો મુસાફરોને સલામત ટ્રેન યાત્રા સુનિશ્ચિત કરવા માટે યોગ્ય સલામતી વ્યવસ્થા કરી છે.

દિવાળી અને છઠ તહેવારને ધ્યાનમાં રાખી ભારતીય રેલવે 7 હજાર 296 વિશેષ ટ્રેન દોડાવી રહી છે. જોકે, ગયા વર્ષે 4 હજાર 500 વિશેષ ટ્રેન દોડાવવામાં આવી હતી. 29 ઑક્ટોબરે રેલવેએ 136, 30 ઑક્ટોબરે 164 વિશેષ ટ્રેન દોડાવી હતી.

R.P.F.ના મહાનિદેશક મનોજ યાદવે મુસાફરોને સાવચેત રહેવા અને સલામત યાત્રા સુનિશ્ચિત કરવામાં R.P.F.ને સહકાર આપવાનો આગ્રહ કર્યો છે. મુસાફરોને જોખમી અને જ્વલનશીલ કે શંકાસ્પદ વસ્તુઓની માહિતી તાત્કાલિક રેલવે અધિકારીઓને આપવા પણઆગ્રહ કર્યો છે. મુસાફરો રેલ મદદ વેબ-પોર્ટલ અથવા તો મૉબાઈલ એપ્લિકેશનના માધ્યમથી કોઈ પણ ફરિયાદ નોંધાવી શકે છે. ઉપરાંત 139 હેલ્પલાઈન નંબર પણ ડાયલ કરી શકે છે.

..........................................................

# PENSION DA

કર્મચારી, જાહેર ફરિયાદઅને પેન્શન મંત્રાલય હેઠળના પેન્શન અને પેન્શન ધારક કલ્યાણ વિભાગે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનધારકો માટે મોંઘવારી ભથ્થા અને રાહતના ત્રણ ટકા વધારાના હપ્તાની સૂચના આપી છે.

આ સૂચના આ વર્ષના એક જુલાઈથી લાગુ થશે. કેન્દ્રીય મંત્રીમંડળે આ માટેની મંજૂરી આપતાં મોંઘવારી ભથ્થું મૂળ વેતન કે પેન્શનના 50 ટકાથી વધારીને 53 ટકા થઈ જશે.

.............................................................................

# NT SPAIN FLOODS

પૂર્વ સ્પેનના બાલેન્સિયા વિસ્તારમાં આવેલા પૂરમાં મૃતકોની સંખ્યા વધીને ૯5 થઈ છે. ગઈકાલે મુશળધાર વરસાદના કારણે અચાનક પૂર આવતાં અનેક કાર પાણીમાં વહી ગઈ હતી. જ્યારે રેલવે લાઈન અને રાજમાર્ગ પર વાહન વ્યવહાર ખોરવાઈ ગયો હતો.

હજી પણ આંતરિયાળ વિસ્તારોમાં તપાસ અભિયાન ચાલી રહ્યું છે. જ્યારે એક હજારથી વધુ સૈનિકો રાહત અને બચાવકાર્યમાં તહેનાત છે. સ્પેનની સરકારે બચાવકાર્યના સંકલન માટે એક કટોકટી સમિતિ બનાવી છે.

સ્પેનની હવામાન સેવા A.E.M.E.T.એ જણાવ્યું કે, વાલેન્સિયા વિસ્તારના ચિવા ખાતે મંગળવારે માત્ર આઠ કલાકમાં 491 મિલીમીટર વરસાદ નોંધાયો હતો, જે એક વર્ષના વરસાદ બરાબર છે.

................................................................

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે તામિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં ભારે વરસાદની આગાહી કરી છે.

ઉપરાંત કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને રાયલસીમાના છૂટાછવાયા સ્થળોએ વીજળીના ચમકારા સાથે વાવાઝોડાની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, ઉત્તરપશ્ચિમ ભારત અને મધ્ય ભારતના ભાગોમાં સામાન્યથી ઉપરનું તાપમાન આગામી એક સપ્તાહ દરમિયાન યથાવત રહે તેવી શક્યતા છે.

................................................................

# NT BADMINTON

જર્મનીમાં હાઈલો ઓપન 2024 બેડમિન્ટન સ્પર્ધામાં ભારતના આયૂષ શેટ્ટી અને સતીશકુમાર કરૂણા કરણ પુરુષ સિંગલ્સની પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા છે.

સરબ્રુકેનમાં ગઈકાલે આયૂષ શેટ્ટીએ પહેલા રાઉન્ડની મેચમાં ફિનલેન્ડમાં જોકિમ ઑલ્ડોર્ફને 21-12,21-17થી હરાવ્યા હતા. જ્યારે સતીશ કરૂણા કરણે ભારતના જ ચિરાગ સેનને 22-20, 22-24, 17-21થી હરાવ્યા હતા.

આ પહેલા ભારતના થારૂન મન્નેપલ્લી ઑસ્ટ્રિયાના કૉલિન્સ વેલેન્ટાઈન ફિલિમૉન સામે 19-21, 19-21થી હારી ગયા હતા. જ્યારે મહિલા સિંગલ્સમાં ભારતનાં કેયૂરા મોપતિ ડેન્માર્કના અન્ના સીસ રાયબર્ગથી 8-21, 12-21થી હારી ગયાં હતાં.

.................................................................